<u>રજીસ્ટર પોસ્ટ એ.ડી.</u>

વિષય :– મોજે : આણંદ, તા.જી.આણંદના સી.સ.નં. ૩૧૪૪, ટી.પી.સ્કીમ નં.૩, ફા.પ્લોટ નં.૧૨૫ ક્ષેત્ર.૯૧૦–૦૦ ચો.મી. જમીનનો <u>રહેણાંકના હેતુસર</u> બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ બીનખેતી પરવાનગી આપવા બાબત.

નં.જમન/એન.એ./એસ.આર./૪/૨૦૧૭/વશી/ ૧૪૨૯-૩૬
નાયબ કલેકટરની કચેરી,
આણંદ તા.૨૫/૦૬/૨૦૧૭

<u>વંચાણમાં લીધા :–</u>

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૧/૭/૨૦૦૮

(૨) મે.કલેકટર સાહેબ ખેડાના હુકમ નં. એલ.એન.ડી./એનએ/એસઆર/૧૬/૧૭ તા.૨૨/૩/૧૯૭૧ અંગે સીટી સર્વે પ્રોપર્ટીકાર્ડમાં થયેલ નોંધ

(૩) અરજદારશ્રી રૂપેશભાઈ સાત્વીકભાઈ રાય ની તા.૨/૦૩/૨૦૧૭ ની અરજી તથા તા. ૧/૬/૨૦૧૭ ની પુનઃ અરજી.

(૪) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, આણંદનાઓએ પત્ર નં.સીટીએસ/વશી/૧૨૭૧/૨૦૧૭ તા.૧૮/૪/૨૦૧૭ થી હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૫) નાયબ કલેકટરશ્રી, આણંદ પ્રાંત કચેરી, આરટીએસ શાખા, પ્રાન્ત કચેરી, આણંદના પત્ર નં.એનએ./ એસ.આર/૩૮/૨૦૧૭/વશી/૪૮૩ તા.૨૧/૦૩/૨૦૧૭ થી હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૬) નાયબ કલેકટરશ્રી, જમીન સંપાદન, આણંદના પત્ર નં.જ.સં/બિ.ખે.પ/વશી/૧૫૪/૧૭ તા.૨૨/૫/૨૦૧૭ થી હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૭) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા, આણંદના પત્ર નં.ગણત–૨/વશી/૩૨૨ તા.૦૮/૦૬/૨૦૧૭ થી હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૮) મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદના પત્ર નં. ટીએનસી/એન.એ./એસ.આર/વશી/૨૮૪ તા.૨૭/૩/૨૦૧૭ થી હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૯) નિવાસી અધિક કલેકટરશ્રી,આણંદ શાખાધ્યક્ષશ્રી, જમન–૨ દફતર, કલેકટર કચેરી, આણંદના પત્ર નં. જમન–૨/અભિપ્રાય/ વશી/૧૬૯૦ તા.૧૬/૦૩/૨૦૧૭ થી હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૧૦) મુખ્ય કારોબારી અધિકારી, આણંદ–વલ્લભ વિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના પત્ર નં.અવકુડા/લે.આઉટ/વશી/૨૧૧૦ તા.૨૧/૧૨/૨૦૧૬

(૧૧) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદના પત્ર નં.તજર/બુક/આણંદ/વશી/૩૧૫૫ તા.૧૭/૬/૨૦૧૭

<u>હુ ક મ</u> :–

મોજે : આણંદ, તા.જી.આણંદનાસી. સ.નં.૧૩૪૪, ટી.પી.સ્કીમ નં.૩, ફા.પ્લોટ નં.૧૨૫ ક્ષેત્ર.૯૧૦–૦૦ ચો.મી.વાળી જમીન અંગે મે.કલેકટર સાહેબ, ખેડાના આમુખ–૨ હુકમથી રહેણાંકના મકાન બાંધકામ અંગે બીનખેતી પરવાનગી આપવામાં આવેલ હતી. પરંતુ તે મુજબ બાંધકામ ન કરેલ હોઈ જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૭ હેઠળ પરવાનગી મેળવવા અરજદારશ્રી રૂપેશભાઈ સાત્વીકભાઈ રાયએ તા.૨/૩/૨૦૧૭ થી તથા તા.૧/૬/૨૦૧૭ થી પુનઃઅરજી કરેલ છે. જે મુજબ મોજે : આણંદ, તા.જી.આણંદના સી. સ.નં.૧૩૪૪, ટી.પી.સ્કીમ નં.૩, ફા.પ્લોટ નં.૧૨૫ ક્ષેત્ર.૯૧૦–૦૦ ચો.મી.વાળી જમીનનો રહેણાંકના હેતુસર બિનખેતીનો ઉપયોગ કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભ વિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના તા.૨૧/૧૨/૨૦૧૬ ના આમુખ–(૧૦) માં દર્શાવેલ પત્રથી રહેણાંકના હેતુ માટેના પ્લાન મંજુર કરેલ છે. જે મંજુર કરેલ પ્લાન મુજબ નકશામાં દર્શાવ્યા

કુલ ક્ષેત્ર.૯૧૦—૦૦ ચો.મી. વાળી જમીનમાં ક્ષેત્ર.૩૧૦—૩૦ ચો.મી. જમીનમાં રહેણાંક માટે બાંધકામ કરી, ક્ષેત્ર.૫૯૯—૭૦ ચો.મી જમીન ખુલ્લી તથા રોડ માટે રાખી બીનખેતીનો ઉપયોગ કરવા અરજદારશ્રીએ આમુખ—(૩) થી અત્રેની કચેરીએ અરજી કરેલ છે.

સદર કામે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, આણંદ મારફતે જરૂરી તપાસ કરાવતા તેઓના આમુખ—(૪)માં જણાવેલ પત્રથી નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની ફેરફાર નોંધોની ટૂંકી વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે તથા સવાલવાળી જમીનમાં અગાઉ આમુખ—(૨) ના થી બીનખેતી પરવાનગી મેળવેલ છે. હાલ સ્થળે જમીન પર જુના રહેણાંકના બાંધકામો દુર કરેલ છે. જે જમીન હાલના અરજદારશ્રીઓને વેચાણ હકકે મળેલ છે. અરજદારશ્રીએ આમુખ—(૧૦) માં દર્શાવ્યા મુજબ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ—વિદ્યાનગર—કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદ પાસે નવેસરથી રીવાઈઝ પ્લાન મંજુર કરાવેલ હોઈ, સવાલવાળી જમીનમાં જમીન મહેસુલ કાયદાની કલમ—૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગી આપવા બાબતે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

આમુખ—(૫) થી અત્રેની કચેરીની આરટીએસ શાખાના રેકર્ડથી ખાત્રી કરતા સવાલવાળી જમીનમાં જમીન સંપાદન હેઠળ નથી તેમજ જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલના મુદ્દે કોઈ કાર્યવાહી અત્રે ચાલુમાં નથી.

નાયબ કલેકટરશ્રી, જમીન સંપાદન, આણંદના આમુખ—(૬) ના પત્રથી તેઓની કચેરીના રેકર્ડથી ખાત્રી કરતાં (૧) બગોદરા—વટામણ—તારાપુર—વાસદ રોડ છ માર્ગીય રોડ, (૨) નેશનલ હાઈવે નં.૮ છ માર્ગીયકરણ (૩) ડેડીકેટેડ ફ્રાઈડ કોરીડોર રેલ પરિયોજના અંતર્ગત ચાલતા પ્રોજેકટમાં જમીન સંપાદનની કોઈ કાર્યવાહી ચાલતી નથી તેવો અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા શાખા, આણંદના આમુખ—(૭) ના પત્રથી આપેલ અભિપ્રાય મુજબ સવાલવાળી જમીન જુની શરતની છે. તથા ગ.ધા.ક.૭૪ મુજબ કોઈ અપીલ કે કલમ—૭૬—અ મુજબ કોઈ રીવીઝન ચાલુમાં નથી તેવો અભિપ્રાય આપેલ છે.

મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદએ આમુખ—(૮) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન બાબતે હાલમાં ગણોત કાયદા હેઠળ કેસ ચાલુમાં નથી. તેમજ અપીલ કે રીવીઝન દાખલ થયેલ નથી તેવો અભિપ્રાય આપેલ છે.

નિવાસી અધિક કલેકટરશ્રી,આણંદના શાખાધ્યક્ષશ્રીના આમુખ—(૯)ના પત્રથી સવાલવાળી જમીન અંગે હાલ આર.ટી.એસ. રજીસ્ટરે કોઈ આર.ટી.એસ. / રીવીઝન અંગેનો વિવાદ ચાલુમાં નથી. તેવો અભિપ્રાય આપેલ છે.

અરજદારશ્રીએ ભરેલ દંડની તેમજ માપણી ફીની રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે કે કેમ ? તે અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ પાસે ખાત્રી કરાવતાં, જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ આમુખ—(૧૧) ના પત્રથી ખાત્રી કરી સદરહુ રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે તેમ જણાવેલ છે.

મોજે : આણંદ, તા.જી.આણંદના સ.નં.૩૧૪૪, ટી.પી.સ્કીમ નં.૩, ફા.પ્લોટ નં.૧૨૫ ક્ષેત્ર.૯૧૦—૦૦ ચો.મી. જમીન અંગેના હકકપત્રકમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.

| અ.નં. | ફેરફાર નોંધ નંબર | તારીખ | ફેરફાર નોંધની ટૂંકમાં વિગત |
|---|---|---|---|
| (૧) | ક૨) | (૩) | (૪) |
| ૧. | ૧૦૪૬૯ | ૭/૦૯/૨૦૧૬ | વેચાણ અંગેની નોંધ |
| ૨. | ૧૦૪૭૦ | ૦૭/૦૯/૨૦૧૬ | વારસાઈ અંગેની નોંધ |
| ૩. | ૧૦૪૭૧ | ૦૭/૦૯/૨૦૧૬ | વેચાચણ અંગેની નોંધ |
| ૪. | ૧૦૪૭૨ | ૦૭/૦૯/૨૦૧૬ | બીનખેતી હુકમ અંગેની નોંધ |

ઉપરોકત હકીકત તથા રજુ થયેલ આધાર પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ—(૧) માં જણાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત આમુખ—(૪) થી (૧૧) ના અભિપ્રાયો ધ્યાને લેતાં અરજદારે બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા સંમતિ

જવાબ આપેલ છે. સવાલવાળી જમીનમાં આમુખ–(૨)ના હુકમથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવામાં આવેલ છે. જમીનમાં જુના રહેણાંકના મકાનો દુર કરેલ છે. જે જમીન હાલના અરજદારશ્રીએ વેચાણ હકકથી મળેલ છે. અરજદારશ્રીએ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભ વિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદ પાસે નવેસરથી રીવાઈઝ પ્લાન મંજૂર કરાવી રહેણાંકના હેતુ માટે બીનખેતી પરવાનગી માંગેલ છે. આથી અરજદારશ્રીની સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે લે. રે. કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારને સદરહુ જમીનની માપણી ફીની રકમ રૂા.૧,૨૦૦/– તથા સવાલવાળી જમીનમાં અગાઉ મેળવેલ બીનખેતી પરવાનગી મુજબ બાંધકામ કરેલ ન હોવાથી લે. રે. કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગીના કામે ૪૦ પટ દંડની રકમ રૂા.૯૧૦૦/– સરકારશ્રીમાં ચલનથી જમા કરાવવા અત્રેના તા.૧૪/૬/૨૦૧૭ ના પત્રથી જણાવતાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની આણંદ શાખામાં તા.૧૫/૦૬/૨૦૧૭ નાં રોજ જમા કરાવી અસલ ચલનો અત્રે રજુ કરેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર રૂા.૨૨૮/– તથા લોકલ ફંડ રૂા.૧૧૪/– મળી કુલ રૂા.૩૪૨/– જમીન મહેસુલ પહોંચ નં.૫૧ તા.૧૫/૬/૨૦૧૭ તથા શિક્ષણ ઉપકર રૂા.૫૭/– પહોંચ નં.૧૪૩ તા.૧૫/૬/૨૦૧૭ ના રોજ કસ્બા તલાટીશ્રી ,આણંદ (શહેર) ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે. જેની પહોંચો રજુ થયેલ છે.

ઉપર મુજબની હકીકત હોઈ અરજદારને ઉપરોક્ત જમીનમાં મુંબઈ જમીન મહેસુલ ધારાની કલમ–૬૭ અન્વયે બીનખેતીના <u>રહેણાંકના</u> ઉપયોગ કરવા રીવાઈઝ પરવાનગી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

<u>શ ર તો</u> :–

(૧) બીન ખેતીના ઉપયોગ માટે હુકમ કર્યા તારીખથી છ માસની અંદર બાંધકામ ચાલુ કરવું પડશે. અને ત્રણ વર્ષની અંદર પુરુ કરવું પડશે. તેમ કરવામાં ચુક થશે તો બીન ખેતીની ઉપજ અને દંડ લેવામાં આવશે તેમજ ઉપરોક્ત પરવાનગી આપમેળે રદ થયેલી ગણાશે.

(૨) કબજેદારે બીનખેતી ઉપયોગ ચાલુ કર્યાની એક માસની અંદર મામલતદારશ્રી/સીટી સર્વે ,સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાના લેખીત જાણ કરવી તેમ કરવામાં ચુક થશે તો વિશેષધારા ઉપર દંડ લેવામાં આવશે તથા બાંધકામ પુરૂ થયે એક માસની અંદર અત્રે તેની જાણ કરવાની રહેશે.

(૩) કબજેદારે બીનખેતી પ્લોટ મેળવવા માપણી ફી ની રકમ ભરી છે. સદર પ્લોટની સર્વે ખાતેથી માપણી થયા મુજબ હુકમમાં તેમજ સનદમાં જણાવેલ ક્ષેત્રફળ અને વિશેષ ધારો (બદલાશે) સુધારવાને પાત્ર થશે.

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભ વિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના આમુખ–(૧૦) ના પત્રથી જણાવેલ શરતોને આધીન મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ કરવું પડશે. અગાઉથી લેખિત પરવાનગી લીધા સિવાય કોઈપણ વધારાનું તથા નવું બાંધકામ કરી શકાશે નહી.

(૫) પ્લાનમાં નકકી કર્યા પ્રમાણે જે હેતુ માટે પરવાનગી આપવામાં આવી છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાયનો બીજો કોઈપણ ઉપયોગ લે. રે. કો. ક. ૪૮(૪) મુજબ પ્રતિબંધિત છે, બાંધકામનો ઉપયોગ જો બદલવાનો હશે તો અગાઉથી અત્રેની મંજુરી લેવાની રહેશે.

(૬) એકદમ સળગી જાય તેવા પદાર્થો મકાનના બાંધકામમાં વાપરવા નહી.

(૭) કોઈ પણ ખાળકુવો જો તેને યોગ્ય રીતે ચોખ્ખુ રાખવાની વ્યવસ્થા ન હોય તો કરવો નહી.

(૮) પીવાના પાણીના કૂવાથી ૧૦૦ ફુટના અંતરમાં ખાળકૂવો કરવો નહી. અગર ઉપયોગમાં લેવો નહી.

(૯) સવાલવાળી જમીનમાં મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભ વિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ,આણંદે આમુખ–(૧૦) ના પત્રથી જણાવ્યા મુજબની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૦) કમ્પાઉન્ડની દિવાલ કરવાની હોય તો સાડા ત્રણ ફુટ કરતાં ઉંચી કરવી નહી.

(૧૧) આ પરવાનગી ગણોતધારા તેમજ ટોચમર્યાદા ધારાની જોગવાઈઓને આધિન છે. જે કબજેદાર / માલિકને બંધનકર્તા રહેશે.

(૧૨) સવાલવાળી જમીન અંગે ગામે લાગુ પડતા બીનખેતી ધારાની રકમ રૂ.૨૨૮–૦૦ તથા લોકલ ફંડ રૂ.૧૧૪–૦૦ ન.પૈ. તથા શિક્ષણ ઉપકરની રકમ રૂ.૫૭–૦૦ દર વર્ષે નિયમિત રીતે ભરવાના રહેશે.

(૧૩) બાંધકામ ચાલુ કર્યા પછી બે માસની અંદર કબજેદારે નમુના "એમ" માં હુકમમાં જણાવેલ શરતો તેમાં દાખલ કરવી. અન્યથા પરવાનગી રદ થશે.

(૧૪) રીબન ડેવલપમેન્ટ રૂલ્સનો ભંગ થાય તે રીતે બાંધકામ કરી શકાશે નહી.

(૧૫) મંજૂર થયેલા વિકાસ નકશાના વિનિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૬) આ જમીનના કબજેદારોને સદરહું બીન ખેતી પરવાનગીથી સને ૧૯૫૪ના મુંબઈ નગર રચના અધિનિયમની કલમ ૧૨–૨૯ મુજબ નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવામાંથી મુક્તિ મળતી નથી જેથી પરવાનગી મુજબનું ખેતી સિવાયનું બાંધકામ શરૂ કરતા પહેલા નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવું પડશે.

(૧૭) સરકારશ્રી તરફથી નકકી કરેલ (વિશેષધારો) બીનખેતી ધારા ઉપરાંત લોકલફંડ તથા શિક્ષણ ઉપકરની નિયમોનુસાર કબજેદારે ભરવાની રહેશે. તથા વખતો વખત જે કોઈ ફેરફાર થાય તે બંધનકર્તા રહેશે.

(૧૮) આ સદર જમીનના પ્લોટ વેચાણ રાખનારાઓને ઉકત શરતોની લેખીત જાણ કરવાની રહેશે અને વેચાણ રાખનારાઓએ આ શરતોનું પાલન કરવુ પડશે.

(૧૯) આ પરવાનગી વિરૂધ્ધ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવશે અગર કરેલું બાંધકામ જે ઉપયોગ માટે મંજુર કરેલ હશે તેના સિવાય બીજા કોઈ પ્રકારના ઉપયોગમાં લેવામાં આવશે તો તેને દુર કરવા અગર ઉપયોગ બદલવા કલેકટરશ્રી કાયદેસર ફરમાન કરી શકશે અને જો નિયત કરેલ સમયમર્યાદામાં તે ઉપયોગ બંધ ન થાય અગર બાંધકામ દુર ન થાય તો સરકારી રાહે દુર કરવા પગલા લેવામાં આવશે અને તે અંગેનો તમામ ખર્ચ કબજેદાર પાસેથી જમીન મહેસુલ ની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર થશે.

(૨૦) વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતાં સત્તાધિકારીશ્રીએ આપેલ મંજૂરી મુજબ) પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૧) પાણીના કુદરતી વહેણને અવરોધરૂપ ન થાય તે રીતે બાંધકામ કરવાનું રહેશે. બાંધકામ કરવામાં આવનાર વિસ્તારમાં પાણી ભરાઈ ન રહે તે પ્રમાણેનું આયોજન કરવાનું રહેશે. કાંસની હદ

છોડીને બાંધકામ કરવાનું રહેશે તથા ઉદ્યોગ કે ઘર વપરાશનું પ્રદૂષિત/ગંદુ પાણી કાંસમાં છોડી શકાશે નહી.

(૨૨) સર્વે નંબરની આગળથી પસાર થતી નહેરની હદ છોડીને તેમજ અન્ય બાગાયતદારોને સિંચાઈ સુવિધામાં વિક્ષેપ ન પડે તે રી તે બાંધકામ કરવાનું રહેશે.

(૨૩) સવાલવાળી જમીનમાં આવેલ કોમન પ્લોટનો હકક સર્વે પ્લોટ હોલ્ડરોનો રહેશે અને ઉપયોગ કરી શકશે તથા પ્લોટના વેચાણ વખતે તે બાબતનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨૪) નદીનાએ ડુબમાં જતા વિસ્તારોમાં કોઈ પરવાનગી આપવાની રહેશે નહી. નદીકિનારાથી અથવા ડુબમાં જતા વિસ્તારથી ૧૫.૦ મીટરનું માર્જીન છોડવાનું રહેશે.

(૨૫) હયાત નાળિયાના રસ્તાના કિસ્સામાં મધ્ય રેખાથી ૯.૦ મીટર અંતર રાખવાનું રહેશે. કે જેથી ભવિષ્યમાં વિકાસ યોજનાના રસ્તા તરીકે રાખી શકાય. તે ધ્યાને લઈ બાકી રહેતા રસ્તા પ્લોટમાં પરવાનગી આપવાની રહેશે.

(૨૬) વર્ગિકૃત રસ્તાથી બિલ્ડીગ કન્ટ્રોલ લાઈનના ભાગમાં કોઈપણ પ્રકારનું બાંધકામ આપવાનું રહેશે નહી. જેથી ભવિષ્યમાં તે રસ્તાઓનો વિકાસ યોજનાના રસ્તાઓ તરીકે પહોળા કરી શકાય.

(૨૭) સવાલવાળી જમીન અંગે નામદાર દિવાની કોર્ટમાં કોઈ કેસ ચાલુમાં હશે તો તેમાં જે આખરી નિકાલ થશે તે મુજબ અમલવારી કરવાની રહેશે.

(૨૮) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય ધ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૨૯) કબજેદાર જો ઉપરોક્ત શરતોનો ભંગ કરશે અને જો જમીન ખેતીની પોતાના કબજામાં ચાલુ રાખશે તો તે લેન્ડ રેવન્યુ કોડની કલમો અને રુલ્સના નિયમોને અનુલક્ષીને કલેકટર અગર બીનખેતીની પરવાનગી આપનાર અધિકારી ફરમાવે તે પ્રમાણે તેમણે ઉપજ દંડ વસુલ આપવા પડશે.

મોજે : આણંદ, તા.જી.આણંદના સ.નં. ૩૧૪૪,ટી.પી.સ્કીમ નં.૩, ફા.પ્લોટ નં.૧૨૫ ક્ષેત્ર.૯૧૦—૦૦ ચો.મી.

(બી.એસ.પટેલ)
નાયબ કલેકટર, આણંદ

પ્રતિ,
શ્રી રૂપેશભાઈ સાત્વીકભાઈ રાય
રહે. લાલ બંગલો, આઈ.પી.મીશન કંમ્પાઉન્ડ
સ્ટેશન રોડ, મું.તા.જી.આણંદ

<u>નકલ રવાના</u> :—

૧. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી,આણંદ તરફ..
હુકમ મુજબ અમલવારી કરવા સારુ તથા સીટી સર્વે રેકર્ડ ખાતે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.

૨. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, આણંદ તરફ(માપણી ફીના અસલ ચલણ સાથે)

૩. કસ્બા તલાટીશ્રી, આણંદ (શહેર) તરફ..
ર/— હુકમ મુજબ અમલવારી કરવા સારુ.

૪. રેકર્ડ શાખા

૫. સિલેકટ ફાઈલ

તજે : આણંદ, તા.જી.આણંદના સી.સ.નં.૩૧૪૪, ટી.પી.નં.૩, ફા.પ્લોટ નં.૧૨૫,ક્ષેત્ર.૯૧૦–૦૦ ચો.મી.

સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ / ૧૦૭૯ / ૩૯૧૧૫ / ક, તા. ૧૭/૨૨–૭–૭૯ થી નકકી થયા મુજબ લે. રે. કોડની કલમ – ૬૭ હેઠળ રીવાઈઝ મંજુરીના હુકમ સાથે સામેલ રાખવાનું પત્રક.

| બીનખેતી પરવાનગી આપેલ જમીનના સ. નં., ગામ તથા કબેજદારનું નામ | | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.માં | નિયમ મુજબ લેવાપાત્ર બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારનો બીનખેતી ઉપકર કરવાનો છે. તેની વિગત |
|---|---|---|---|
| ૧. | | ૨. | ૩. |
| ગામ | : આણંદ | | |
| સીટી.સર્વે નંબર | : ૩૧૪૪, | | |
| ટી. પી. સ્કીમ નં. | : ૩ | ક્ષેત્ર.૯૧૦–૦૦ | ૦.૨૫ પ્રતિ ચો.મી. રહેણાંક |
| ફા. પ્લોટ નં. | : ૧૨૫ | | |
| સબ પ્લોટ નં. | – | | |
| કબજેદારનું નામ | : શ્રી રૂપેશભાઈ સાત્વીકભાઈ રાય | | |

| વસુલ કરવાના આકારની કુલ રકમ | રૂપાંતર કર લેવાનો હોય તો તેની રકમ | શિક્ષણવેરો લેવાનો હોય તો તેની રકમ | અન્ય કોઈ વેરો વસુલ કરવાનો હોય તો તેની રકમ (લોકલ ફંડ) | કોલમ ૪, ૬, ૭ વેરો કઈ તારીખથી વર્ષથી લેવાનો છે. |
|---|---|---|---|---|
| રૂ. પૈસા | રૂ. પૈસા | રૂ. પૈસા | રૂ. પૈસા | રૂ. પૈસા |
| ૪. | ૫. | ૬. | ૭. | ૮. |
| ૨૨૮/– | – | ૫૭/– | ૧૧૪/– | હુકમની તારીખના વર્ષથી |

માપણી ફી રૂ.૧,૨૦૦/–, તથા સવાલવાળી જમીનમાં લે. રે. કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગીના કામે ૪૦ પટ દંડની રકમ રૂ.૯૧૦૦/– તા.૧૫/૦૬/૨૦૧૭ થી જમા કરાવેલાનું અસલ ચલન રજુ થયેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો રૂ.૨૨૮/– તથા લોકલ ફંડ રૂ.૧૧૪/– મળી કુલ રૂ.૩૪૨/– જમીન મહેસુલ પહોંચ નં.૫૧ તા.૧૫/૬/૨૦૧૭ તથા શિક્ષણ ઉપકર રૂ.૫૭/– પહોંચ નં.૧૪૩ તા.૧૫/૬/૨૦૧૭ ના રોજ કસ્બા તલાટીશ્રી , આણંદ દ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે. જેની પહોંચો રજુ થયેલ છે.

નાયબ કલેકટર, આણંદ

નં.જમન/એન.એ/એસ.આર/૪/૨૦૧૭–૧૮/વશી/ ૨૪૨૯-૩૬
નાયબ કલેકટરની કચેરી,
આણંદ, તા.૨૨/૦૬/૨૦૧૭